આજની પ્રાર્થના....
કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૩ | ૧૩ જુન, ૨૦૨૧, રવિવાર; જયેષ્ઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્લેક ફંગસની દવા પર GST માફ

**રેમડેસિવિર પરનો જીએસટી ઘટાડી ૫ ટકા : નાણાંમંત્રી નિર્મલા સિતારમણની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કોરોનાની વેક્સિન પરના જીએસટી યથાવત રખાયો : અનેક સાધનો ઉપર ટેક્સ રાહત : જીએસટી કાઉન્સિલની વીડિયો કોન્ફરન્સ દ્વારા ૪૪મી બેઠક**




નવી દિલ્હી, તા.૧૨

આજે નાણામંત્રી નિર્મલા સીતારમનની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા જીએસટી કાઉન્સિલની ૪૪મી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. જેની જાણકારી નાણામંત્રીએ પત્રકાર પરિષદમાં આપી છે.

કોરોના કાળમાં જીએસટી કાઉન્સિલે લીધેલા નિર્ણયો મુજબ કોરોના વેક્સિન પર ૫ ટકા જીએસટી યથાવત રહેશે. કેન્દ્ર સરકાર ૭૫ ટકા વેક્સિન ખરીદશે અને તેના પર જીએસટી આપશે. પરંતુ જીએસટીથી થનારી ૭૦ ટકા આવક રાજ્યોની સાથે વહેંચવામાં આવશે. ચાર પ્રકારની પ્રોડક્ટ પર જીએસટી દર નક્કી કરવામાં આવ્યા છે. તેમાં દવાઓ, ઓક્સિજન, ઓક્સિજન રિલેટેડ ઈક્વિપમેન્ટ, ટેસ્ટિંગ કિટ્સ અને બીજા મશીનો તથા કોવિડ સંબંધિત રાહત સામગ્રી સામેલ છે. આ રેટ્સ વિશે જલદી જાહેરાત કરવામાં આવશે તેમ નિર્મલા સીતારમને કહ્યું છે. જીએસટી કાઉન્સિલે કોરોનાની દવા રેમડેસિવિર પર જીએસટી ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. નાણામંત્રીએ કહ્યું કે, ટોસીલિઝુમેબ પર કોઈ ટેક્સ લાગશે નહીં. ઈલેક્ટ્રિક ફર્નેસેજ અને ટેમ્પ્રેચર ચેકિંગ ઈક્વિપમેન્ટ પર જીએસટી ઘટાડી ૫ ટકા અને એમ્બ્યુલન્સ પર ૧૨ ટકા કરી દેવામાં આવ્યું છે. આ દર સપ્ટેમ્બર સુધી લાગૂ રહેશે. જીઓએએ તેમાં એક ઓગસ્ટ સુધી ઘટાડાની ભલામણ કરી હતી. બ્લેક ફંગસની સારવારમાં કામ આવનાર એન્ટીફંગલ દવા એમ્ફોટેરિસિન પર કોઈ જીએસટી લાગશે નહીં.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષાતામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા જીએસટી કાઉન્સિલની ૪૪ મી બેઠક મળી. કોરોના રોગચાળાને લગતી આવશ્યક ચીજવસ્તુઓ અને બ્લેક ફંગસની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવતી દવાઓ પર જીએસટીના દરોમાં ભારે ઘટાડો કરવામાં આવ્યો છે. મંત્રીઓના સમૂહ અથવા જીઓએમએ પીપીઈ કિટ્સ, એન ૯૫ માસ્ક અને સર્જિકલ માસ્ક પર જીએસટી દર ૫ ટકા અને એમ્બ્યુલન્સ પર ૨૮ ટકા જાળવવા સૂચન કર્યું છે. મેડિકલ ઓક્સિજન, ઓક્સિજન કન્સન્ટ્રેટર, વેન્ટિલેટર, પલ્સ ઓક્સિમીટર અને પરીક્ષણ કીટ સહિતના સાધનો, દવાઓ અને કોવિડ -૧૯ સંબંધિત તબીબી ઉપકરણો પરના જીએસટીના દરને અસ્થાયીરૂપે ઘટાડવાનું સૂચન કરવામાં આવ્યું છે.

નાણાં પ્રધાને કહ્યું, કોરોના સંકટ દરમિયાન જીંદગી બચાવવામાં એમ્બ્યુલન્સની મોટી ભૂમિકા રહી છે, તેથી તેના પરનો જીએસટી દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવામાં આવ્યો છે.

## મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના ગઠબંધન શક્ય છે : આઠવલે

નવી દિલ્હી, તા.૧૨

બે દિવસ પહેલા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે અને પીએમ મોદી વચ્ચે થયેલી મુલાકાત બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ મચી છે.

તેની વચ્ચે હવે કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ અટકળોને હવા આપવાનુ કામ કર્યુ છે. આઠવલેએ કહ્યુ છે કે, મહારાષ્ટ્રમાં ભાજપ તેમજ શિવસેના સહિત ગઠબંધનમાં સામેલ બીજી પાર્ટીઓની સરકાર બનાવવામાં આવે તેવી શક્યતા છે. આ ગઠબંધનમાં શિવસેના અને ભાજપ વચ્ચે મુખ્યમંત્રી પદને અડધી-અડધી ટર્મ માટે વહેંચવામાં આવી શકે છે. આઠવલેએ કહ્યુ હતુ કે, આ મુદ્દાને લઈને મેં ભાજપના નેતા તેમજ પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડનવીસ સાથે પણ ચર્ચા કરી છે અને બહુ જલ્દી હું પીએમ મોદી સાથે પણ વાત કરવાનો છું.ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને ઉધ્ધવ ઠાકરે વચ્ચે થયેલી મુલાકાત બાદ આઠવલેએ આ નિવેદન આપ્યુ હોવાથી તેના પર રાજકીય વિશ્લેષકોએ ધ્યાન આપ્યુ છે.

## ધોધમાર વરસાદથી મુંબઈનું જનજીવન ઠપ

**માત્ર ૧૧ દિવસમાં જ મહિનાભરનો વરસાદ પડ્યો, અંધેરી સબવેમાં પાણી ભરાયું : વધારે વરસાદની આગાહી : ૧૩ અને ૧૪ જૂનના દિવસે મુંબઇ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા**

મુંબઈ,તા.૧૨



મુંબઈમાં છેલ્લા ત્રણ દિવસથી સત મુશળધાર વરસાદ પડી રહ્યો છે. સ્થિતિ વી સર્જિ છે કે હજુ તો ચોમાસાની શરુઆતના માત્ર ૧૧ દિવસમાં જ એક મહિનાનો વરસાદ પડી ગયો છે. મુંબઈમાં ૧૧ દિવસમાં ૫૬૦ મિલીમિટર કરતા વધારે વરસાદ પડ્યો છે, જે હજુ પણ શરુ છે. આ સિવાય આગામી બે દિવસ પણ આવે ભારે વરસાદ પડશે તેવી હવામાન વિભાગની આગાહી છે. જેના કારણે હવામાન વિભાગે મુંબઈ, ઠાણે, રત્નાગિરી અને રાયગઢમાં રવિવાર સુધી હાઈ એલર્ટ જાહેર કર્યુ છે.

મુંબઈમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાના આગમન બાદથી સતત વરસાદ શરુ છે. ભારે વરસાદને કારણે અંધેરી સબવેમાં પાણી ભરાયા છે. કુર્લા, સાંતાક્રુઝ, અંધેરી સહિતના અનેક વિસ્તારોમાં પાણી

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબમાં અકાલી દળે અંતે બસપા સાથે હાથ મિલાવ્યા

અમૃતસર, તા.૧૨

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં અકાલી દળે પોતાના જૂના સાથીદાર ભાજપ સાથેનો નાતો તોડી નાંખ્યો હતો. પંજાબમાં પણ બંને વચ્ચેનુ ગઠબંધન પડી ભાંગ્યુ હતુ. હવે અકાલી દળે પંજાબમાં વિધાનસભાની આગામી વર્ષે યોજાનારી ચૂંટણી લડવા માટે નવો સાથીદાર શોધી લીધો છે. આ ચૂંટણી માટે અકાલી દળે માયાવતીની પાર્ટી બહુજન સમાજ પાર્ટી સાથે હાથ મિલાવ્યા છે. અકાલી દળના નેતા અને અધ્યક્ષ સુખબીર સિંહ બાદલે ગઠબંધનનુ એલાન કરતા કહ્યુ તહુ કે, પંજાબની રાજનીતિમાં આજનો દિવસ નવો છે. બંને પાર્ટીનુ ગઠબંધન આગામી ચૂંટણીમાં મોટી જીત મેળવશે. રાજ્યમાં ૨૩ બેઠકો પર દલિતોના મત નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. બસપાને ૧૮ બેઠકો ફાળવવામાં આવી શકે છે. પંજાબમાં વિધાનસભાની કુલ ૧૧૭ બેઠકો છે. પહેલા અકાલીદળ અને ભાજપનુ જોડાણ હતુ ત્યારે ભાજપને ૨૩ બેઠકો ફાળવવામાં આવતી હતી.

## ચીનમાં ક્રોસ કન્ટ્રી માઉન્ટેન મેરેથોનમાં ૨૧નાં મોત

બેઈજીંગ, તા.૧૨

ચીનના ગાંસુ વિસ્તારમાં આયોજિત ક્રોસ-કન્ટ્રી માઉન્ટેન મેરેથોન દરમિયાન ૨૧ દોડવીરોનાં મૃત્યુ થયાં છે. હાડ થીજવતી ઠંડીમાં આયોજિત ૧૦૦ કિલોમીટરની આ દોડમાં સેંકડો લોકો શામેલ થયા હતા. આ મેરેથોન જિંગતાઈ કાઉન્ટીના યલો રિવર સ્ટોન ફોરેસ્ટ ટૂરિસ્ટ સાઈટમાં આયોજિત કરવામાં આવી હતી. આયોજકોને કદાચ અંદેશો નહોતો કે આ સ્પર્ધામાં ૨૧ લોકોનાં જીવ જતા રહેશે. કહેવામાં આવી રહ્યું છે કે હિમવર્ષા, ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે વાતાવરણ ખરાબ થઈ જતાં આ દોડવીરો ફસાઈ ગયા હતા.

ગાંસુ મેરેથોનનું આયોજન ૨૩ મેના રોજ કરવામાં આવ્યુ હતું. રાહત અને બચાવ કાર્ય સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે તમામ મૃતક દોડવીરો અતિશય ઠંડીને કારણે હાઈપોથર્મિયાનો શિકાર બન્યા હતા.

## આરામપોરમાં તોયબાના હુમલામાં બે જવાન શહીદ : ૨ નાગરિકનાં મોત

**હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાનો હાથ હોઇ શકેઃ આઇજી વિજય કુમાર**

જમ્મુ, તા.૧૨

આરામપોરા વિસ્તાર ઉત્તર કાશ્મીરના સોપોર જિલ્લામાં છે. અહીં પોલીસ અને સીઆરપીએફની ટીમ નાકા પર તૈનાત હતી. અચાનક કેટલાક આતંકીઓ ત્યાં પહોંચ્યા અને સુરક્ષાકર્મીઓ પર ફાયરિંગ કર્યું. કાશ્મીર પોલીસના આઈજી વિજય કુમારે કહ્યું કે આ હુમલામાં બે પોલીસ જવાન શહીદ થયા છે. અન્ય પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આઈજી વિજય કુમારે જણાવ્યું હતું કે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં બે સ્થાનિક લોકોને પણ ગોળી વાગી હતી, જેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આઈજીએ જણાવ્યું હતું કે હુમલો લશ્કર-એ-તૈયબાએ કર્યો હતો.

એવું કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા દળોએ હુમલો કરનારા આતંકવાદીઓને પકડવા માટે ચારે બાજુથી આ વિસ્તારનો ઘેરાવ કર્યો છે અને સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સુરક્ષા દળો પર સતત આ બીજો આતંકી હુમલો થયો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

શુક્રવારે જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં આતંકીઓએ સુરક્ષા દળોની ચેક પોસ્ટ પર હુમલો કર્યો હતો.

અગલર વિસ્તારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને પોલીસનો નાકો બનાવવામાં આવ્યો હતો, જ્યાં બપોરે હુમલો થયો હતો. અજાણ્યા હુમલાખોરોએ અહીં ભારે ફાયરિંગ કર્યું હતું, ત્યારબાદ સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી હતી. સૈનિકોની કાર્યવાહી બાદ હુમલાખોરો સ્થળ પરથી નાસી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ આખો વિસ્તાર સીલ કરી દેવામાં આવ્યો હતો. અહીં એક મોટું સર્ચ ઓપરેશન ચાલુ હતું. દરમિયાન આતંકવાદીઓએ શનિવારે ફરી એકવાર સુરક્ષાદળોને નિશાન બનાવ્યા હતા.

VIHAAN
a new wave of living...
VIHAAN nirvana
2 BHK Apartments




Nr. Surya Retreat Bunglows,
Besides Sarthak Era Flats, Sargasan, Gandhinagar
Rera No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA05134/250319
www.gujrera.gujarat.gov.in
CONCEPT to CREATION...
exclusively marketed by The Property Shop
Call: Shailesh Patel +91 95587 88940, +91 95587 88936

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓપન ઈન્ટરવ્યૂ
અમદાવાદ મેહસાણા ટોલ રોડ અડાલજ ટોલ કલેક્શન ઓફિસે, મેહસાણા, કલોલ ખાતે કોમ્પ્યુટર ઓપરેટર/કેશિયર ભાઈઓ /બહેનો લેવાના છે, બહેનો માટે સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા, ભાઈઓ ૩ શિફ્ટ માટે પગાર ગ્રોસ રૂપિયા ૯૦૦૦/- મળશે. રવિવારે, તારીખ ૧૩/૦૬/૨૦૨૧ સવારે ૧૦ વાગે ઇન્ટરવ્યૂમાં બાયોડેટા સાથે રૂબરૂ મળો.
શ્રી મુકેશ સિંઘ - પ્રોજેક્ટ મેનેજર
C/o ટી. બી. આર. ઈન્ડિયા
અમદાવાદ-મેહસાણા ટોલ રોડ, અડાલજ, તાલુકા જિલ્લા ગાંધીનગર.
કન્ટ્રોલ રૂમ – M 9974395413
(સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦)

રામચંદ્ર મહારાજ ૯૮૨૪૦ ૫૪૦૯૨
શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન



શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૦, ૩૦, ૪૦ અને ૫૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.

Consultant Required
A government body at Gandhinagar, Gujarat intends to establish an online exam center for about 100-200 terminals. For developing a detailed project report, interested consultants/ agencies mentioning similar experience can send email their CVs / agency details at gandhinagar@npcindia.gov.in